સંકલન : ગોંડલિયા પુરણ એ.

# ગુજરાત નું વિવિધ

*** ગુજરાતનું નામ શેના પરથી પડ્યું ?**

- ગુર્જર જાતિ પરથી

*** ગુજરાતની પશ્ચિમમાં આવેલો સમુદ્ર**

- અરબી સમુદ્ર

*** ગુજરાતમાં તમાકુની શરૂઆત કોણે, ક્યારે કરી ?**

- ઈ. સ. 1600 ની આસપાસ પોર્ટુગીઝ લોકોએ

*** ગુજરાતમાં કયા ધર્મના લોકોની વસ્તી વધારે છે ?**

- હિન્દુ

*** ડાંગ શબ્દનો અર્થ શું ?**

- જંગલ

*** નર્મદા નદી ગુજરાતમાં કયા સ્થળે પ્રવેશે છે ?**

- ચાંદોદ

*** અમદાવાદની સ્થાપના કોણે, ક્યારે કરી હતી ?**

- ઈ. સ. 1411 માં સુલતાન અહમદ શાહે

*** બારડોલી સત્યાગ્રહના નેતા કોણ હતા ?**

- સરદાર વલ્લભભાઈ પટેલ

*** માઉન્ટ આબુના દેલવાડા મંદિરોની સરખામણીમાં રહી શકે એવું અમદાવાદમાં ક્યું મંદિર આવેલું છે ?**

- હઠીસિંહ મંદિર

*** અમદાવાદની નજીકમાં આવેલી અડાલજની વાવ ક્યારે બાંધવામાં આવી હતી ?**

- પંદરમી સદીમાં સોલંકી યુગ દરમિયાન

*** સેવા સંસ્થાની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી ?**

- ઈલાબહેન ભટ્ટ, 1972માં

*** અક્ષરધામ શું છે ?**

- ગાંધીનગરમાં આવેલું સ્વામીનારાયણ પંથનું વડું મથક છે.

*** ક્યા ઉદ્યોગને લીધે સુરત આખા વિશ્વમાં પ્રસિદ્ધ બન્યું છે ?**

- હીરા ઘસવાના ઉદ્યોગ

*** ગુજરાતના ક્યા શહેરમાં પટોળાંનું પ્રખ્યાત કાપડ વણવામાં આવે છે ?**

- પાટણ

*** આણંદની દૂધ ડેરી પર આધારિત ફિલ્મનું નામ શું છે ?**

- મંથન

*** ભારતની 'શ્વેત ક્રાંતિ'ના પિતામહ કોને ગણવામાં આવે છે ?**

- ડો. વી. કુરિયન

*** ભારતમાં જહાજ ભાંગવાનુ; સૌથી મોટું કેન્દ્ર ક્યાં આવેલું છે ?**

- સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલ અલંગમાં

*** ભારતનું એક માત્ર એવું કયું રેલવે સ્ટેશન છે જ્યાં કુલી તરીકે સ્ત્રીઓ કામ કરે છે ?**

- ભાવનગર

*** ભવાઈની શરૂઆત કોણે, ક્યારે કરી હતી ?**

- બ્રાહ્મણ અસાઈતે પંદરમી સદીમાં

*** કયા રાજાએ સોમનાથ પર સત્તર વાર આક્રમણ કર્યું હતું ?**

- મેહમૂદ ગઝનવી

*** આફ્રિકાના મૂળ વતનીઓ ભારતમાં કયાં વસ્યા છે ?**

- ગિરની તળેટીમાં

*** સમ્રાટ અશોકના શિલાલેખ સૌરાષ્ટ્રમાં કયાં મળી આવ્યા છે ?**

- ગિરનાર પર્વત અને જૂનાગઢની વચ્ચે આવેલા વિસ્તારમાં

*** "વૈષ્ણવ જન તો તેને રે....." ભજનના રચયિતા કોણ હતા ?**

- નરસિંહ મેહતા

*** પોરબંદરમાં આવેલ ગાંધીજીનું ઘર કયા નામથી ઓળખવામાં આવે છે ?**

- કીર્તિમંદિર

*** જામનગરમાં કયા મંદિરમાં સતત રામધૂન લાગે છે ?**

- બાલા હનુમાન

*** વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કયો છે ?**

- કચ્છ

*** ગુજરાતની પૂર્વ સરહદે કયું રાજ્ય આવેલું છે ?**

- મધ્યપ્રદેશ

*** ગુજરાતનો સૌથી ઊંચો પર્વત કયો છે ?**

- ગિરનાર

*** ડાંગ જિલ્લામાં આવેલું ગુજરાતનું એકમાત્ર ગિરિમથક કયું છે ?**

- સાપુતારા

*** ગુજરાતની વાયવ્ય સરહદે કયો દેશ આવેલો છે ?**

- પાકિસ્તાન

*** ગુજરાતના ઉત્તર ભાગમાંથી કયો વૃત પસાર થાય છે ?**

- કર્કવૃત

*** ગુજરાતની કાળી જમીન કયા પાકને માફક આવે છે ?**

- મગફળી અને કપાસ

*** ગુજરાતની ગાયોની કઈ કઈ ઓલાદો જાણીતી છે ?**

- કાંકરેજ,ગીર અને ડાંગી

*** ગુજરાતની કઈ કઈ જાતની ભેંસો વધુ દૂધ આપવા માટે જાણીતી છે ?**

- મહેસાણી,સુરતી અને જાફરાબાદી

*** ગુજરાતનાં કઈ કઈ જાતનાં ઘેટાં પ્રખ્યાત છે ?**

- પાટણવાડી અને મારવાડી

*** ગુજરાતમાં ઉછેરાતી બકરીની કઈ કઈ જાતો જાણીતી છે ?**

- સુરતી અને ઝાલાવાડી

*** ગુજરાતમાં પર્લ ઓઇસ્ટર કયાં મળે છે ?**

- જામનગર પાસેથી

*** ગુજરાતના કેટલા ટકા ભાગમાં જંગલો છે ?**

- દસ ટકા

*** કચ્છના નાના રણમાં કયા જંગલી ગધેડા જોવા મળે છે ?**

- ઘુડખર નામના

*** ગુજરાતમાં પારસીઓની વસ્તી મુખ્યત્વે કયા જિલ્લાઓમાં છે ?**

- સુરત અને વલસાડ

*** ગુજરાતમાં ખ્રિસ્તીઓની વસ્તી મુખ્યત્વે કયા જિલ્લાઓમાં છે ?**

- ખેડા અને આણંદ

*** ગુજરાતના કયા વિસ્તારમાં જૈનોનું પ્રમાણ વધુ છે ?**

- ગુજરાતના ઉત્તર ભાગ અને કચ્છમાં

*** ગુજરાતમાં બીડી બનાવવાનો ઉદ્યોગ મુખ્યત્વે કયાં કયાં શહેરોમાં�� વિકસ્યો છે ?**

- આણંદ,નડિયાદ,પેટલાદ,બોરસદ અને પાટણ

*** ગુજરાતમાંથી કયો અગત્યનો રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે?આ માર્ગ તેને છેડે આવેલાં કયા બે શહેરોને જોડે છે ?**

- રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 8. તે દિલ્લી અને મુંબઈને જોડે છે.

*** ગુજરાતના કયા ઘઉં પ્રખ્યાત છે ?**

- ભાલ વિસ્તારમાં થતા ભાલિયા ઘઉં (દાઉદખાની)

*** ગુજરાતમાં ડાંગરનું સૌથી વધુ ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે?**

- વલસાડ (રાજયના કુલ ઉત્પાદનના 25 ટકા)

*** ગુજરાતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન કયાં થાય છે ?**

- જૂનાગઢ જિલ્લામાં

*** ગુજરાતમાં કપાસનું ઉત્પાદન કયાં સૌથી વધુ થાય છે ?**

- વડોદરા જિલ્લામાં (ભરૂચ અને વડોદરા પ્રદેશનો કાનમ પ્રદેશ ઉત્તમ પ્રકારના કપાસના ઉત્પાદન માટે જાણીતો છે.)

*** ગુજરાતમાં તમાકુનું સૌથી વધુ ઉત્પાદન કયાં થાય છે ?**

- ખેડા જિલ્લામાં (અહીંનો ચરોતર પ્રદેશ તમાકુના પ્રદેશ તરીકે ઓળખાય છે.)

*** ગુજરાતમાં શેરડીનું વાવેતર કયાં સૌથી વધુ થાય છે ?**

- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર

*** ગુજરાતમાં કયા ધાન્યનું સૌથી વધુ વાવેતર અને ઉત્પાદન થાય છે ?**

- બાજરી

*** ગુજરાતમાં કયો જિલ્લો સૌથી વધુ પાકી સડકો ધરાવે છે ?**

- ખેડા

*** ગુજરાતમાં કયો જિલ્લો સૌથી ઓછી પાકી સડકો ધરાવે છે ?**

- ગાંધીનગર

*** ગુજરાતમાં નહેરો દ્વારા સૌથી વધુ સિંચાઈ કયા જિલ્લામાં થાય છે ?**

- ખેડા જિલ્લામાં

*** ગુજરાતની નિકાસમાં અગ્રસ્થાને શું છે ?**

- સિંગખોળ અને મીઠું

*** ગુજરાતમાં સૌથી સુંદર સ્મશાન ગૃહ ક્યાં આવેલું છે ?**

- સિદ્ધપુરમાં (મુક્તિધામ)